તારાંકિત પ્રશ્ન	ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2190

વિષય:

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખનીજ ચોરી પકડવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 23/01/2024 | 14/02/2024 | 05/02/2024 |

*15/4/2190 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર)

ખાણ અને ખનિજ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૨) ઉક્ત દરોડાઓમાં જિલ્લાવાર કેટલા ઈસમો દ્વારા કયા પ્રકારના કેટલા જથ્થાની ખનિજ ચોરી કરી હોવાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૪) ઉક્ત કરવામાં આવેલ દંડની રકમ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો પાસેથી કેટલી રકમ વસુલવામાં આવી અને કેટલા ઈસમો પાસેથી કેટલી દંડની રકમ વસુલવાની બાકી છે, અને

(૫) ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં?

----